IJCRT.ORG ISSN : 2320-2882
INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)
An International Open Access, Peer-reviewed, Refereed Journal

# "ગુજરાત રાજ્યના અનુસૂચિત જનજાતિ વિસ્તારમાં આવેલી એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કુલના વિદ્યાર્થીઓની આરોગ્ય અને રમતગમતની સ્થિતિ."

*ધર્મેશકુમાર.ડી.ચૌધરી અને પ્રો.આનંદીબહેન પટેલ**
*શોધછાત્રए સમાજકાર્ય વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.
**અધ્યાપિકાए સમાજકાર્ય વિભાગएગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

***સારાંશ:***
*ગુજરાતની પૂર્વ પટ્ટીમાં વસવાટ કરતાં અનુસૂચિત જનજાતિ સમુદાયના વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસની સાથે સર્વાંગી વિકાસ થાય તે બાબતને ધ્યાનમાં રાખીને એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ શાળાની શરૂઆત ગુણવત્તાયુક્ત સુવિધાઓ આપવા માટે કરવામાં આવેલ છે. જેથી વર્તમાન સમયમાં અન્ય સમુદાયના વિદ્યાર્થીઓ સાથે સ્પર્ધામાં ટકી રહે અને પોતાનો તથા સમુદાયનો વિકાસ કરી શકે. આ શાળા જવાહર નવોદય વિદ્યાલયને મોડેલમાં રાખીને બનાવવામાં આવેલ છે. ધોરણ 6 થી 12 સુધી વિદ્યાર્થીઓને મેરીટના આધારે પ્રવેશ અને સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. વિદ્યાર્થીઓમાં આરોગ્ય અને રમતગમતની બાબતોને લઈને આપવામાં આવતી સુવિધાઓનો અભ્યાસ કરવા માટે ગુજરાતની 25% શાળાઓના વિદ્યાર્થીઓમાંથી 25% વિદ્યાર્થીઓની નમુના પસંદગી કરવામાં આવેલ છે. જેમાં વર્ણનાત્મક પ્રકારનું સર્વેક્ષણ પદ્ધતિથી મૂલ્યાંકન અભ્યાસ કરવામાં આવેલ છે. આ અભ્યાસમાં પૂરી પાડવામાં આવતી સુવિધાઓ કેટલી યોગ્ય છે ક્યાં ઉણપો જોવા મળે છેए વિદ્યાર્થીઓના વિકાસમાં કેટલા પ્રમાણમાં ઉપયોગી પુરવાર થઇ છે, વિદ્યાર્થીઓ દ્વારા કેટલા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે. જેવી બાબતોને ધ્યાનમાં રાખવામાં આવેલ છે. જેથી આ યોજનામાં વધારે અસરકારકતા લાવવામાં ઉપયોગી થઇ શકે.*

**ચાવીરૂપ શબ્દો:** અનુસૂચિત જનજાતિए એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલए આરોગ્યए રમતગમત.

**પ્રસ્તાવના:**

આદિવાસી સમાજના ઉત્કર્ષનો મોટો આધાર કેળવણી છે. શિક્ષણના અભાવે આદિવાસી પ્રજા આઝાદીના 75 વર્ષ પુરા થયા છતાં અત્યાર સુધી અંધકારમાં જ અટવાતી રહી છે. આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને ભૌતિક રીતે બીજા સમાજ કરતાય પાછળ રહી છે. આઝાદી પૂર્વે અને પછી પણ શોષણ અટક્યું નથી. ત્યારે વિવિધ રીતે પાંગળી બની ગયેલી આ પ્રજાના વિકાસ માટે તેમનામાં નવાં પ્રાણનું સિંચન કરવા માટે શિક્ષણ ઉત્તમ સાધન પુરવાર થાય તેમ છે. આજે રાજ્યની આદિવાસી ધરાવતી પૂર્વ પટ્ટીના 15 જિલ્લામાં સ્થપાયેલ 36 એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ આદિવાસી સમુદાયના બાળકો માટે શિક્ષણનો પ્રાણ પુરવામાં સહાયભૂત થઈ રહી છે. શિક્ષણની શક્તિને આપણે ઉતરતી ન આકવી જોઈએ. શિક્ષણ દ્વારા આમૂલ પરિવર્તન લાવી શકાય છે. તેમાય ટેક્નોલોજીનું શિક્ષણ, ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી વિષય સિવાય શક્ય નથી. ત્યારે આદિવાસી બાળકો આ બધા વિષયોને સાથે રાખી ટેક્નોલોજી તરફ વળે, ગરીબ વિદ્યાર્થીઓને સીધો ફાયદો થાય તે હેતુથી આદિવાસી વિદ્યાર્થીઓ ખાસ કરીને ઉચ્ચતર અભ્યાસમાં વિજ્ઞાનક્ષેત્રે આગળ વધે અને મેડીકલ કે ટેકનીકલ કોલેજોમાં પ્રવેશ મેળવી તેમની ક્ષમતા પુરવાર કરી વિજ્ઞાન ક્ષેત્રે પાછળ રહી ન જાય તે હેતુથી 1997-1998થી એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ શાળાઓ શરૂ કરી છે. આ શાળાઓ શરૂ કરવાનો ઉદ્દેશ આદિવાસી સમુદાયના વિદ્યાર્થીઓ એક જગ્યાએ રહી રહેવા-જમવાની સુવિધા મળે તેમજ ધોરણ 6 થી ધોરણ 12 સુધીનું શિક્ષણ વિનયન-વાણીજ્યની સાથે વિજ્ઞાનપ્રવાહમાં વધુ બાળકો આવે તે છે. તેમને વિજ્ઞાનક્ષેત્રે તક આપી મેડીકલ, એન્જીનીયરીંગ અને ટેકનીકલ ક્ષેત્રોમાં સહેલાઈથી પ્રવેશ મેળવે તે છે. સાથે આદિવાસી વિદ્યાર્થીઓની ઉજ્જવળ કારકિર્દી માટે એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ શાળા કેટલે અંશે ઉપયોગી પુરવાર

થઇ છે તે જોવું જરૂરી બને છે. આદિવાસી સમુદાયના અંતરિયાળ વિસ્તારોમાં આ શાળાઓની સ્થાપનાથી સામાજિક, સાંસ્કૃતિક, ભૌગોલિક અને શૈક્ષણિક સ્થિતિમાં કેવા પ્રકારના પરિવર્તનો આવેલ છે. શિક્ષણની સુવિધાઓનો લાભ ક્યાં સુધી અને કેટલા પ્રમાણમાં અસરકારક સાબિત થાય છે. વર્તમાન સમયમાં રોજગારીના સંદર્ભે સ્થળાંતરિત કરતા, આર્થિક મુશ્કેલીઓ ધરાવતા પરિવારો અને આદિમજૂથોના વિદ્યાર્થીઓ સુધી કેટલા પ્રમાણમાં અસરકારકતા પુરવાર થઇ છે. અભ્યાસ દરમિયાન આપવામાં આવતું શિક્ષણ સમાજના પરિવર્તન અને ઉત્થાન માટે કેટલા પ્રમાણમાં સમાજકાર્યની દ્રષ્ટીએ ઉપયોગી પૂરવાર થાય છે. શિક્ષણના પરિણામે વિદ્યાર્થીઓ ભવિષ્યમાં તેમની સમક્ષ આવનાર રોજગારી, શૈક્ષણિક, અને મનોસામાજિક પડકારો સામે પોતે અને સમાજને ટકાવી રાખવા માટે કેટલા પ્રમાણમાં ક્ષમતા ધરાવે છે. સાથે તેમાં દ્રષ્ટિપાત થતી ક્ષતિઓને દૂર કરવાના પ્રયત્નોમાં શું કરવું ઘટે તે ધ્યાનમાં લઈ, હેતુઓ નક્કી કરી સંશોધન પદ્ધતિના ઉપયોગથી આ અભ્યાસ કરવામાં આવ્યો છે.

**શીર્ષકમાં વપરાયેલા શબ્દોનો અર્થ અને વ્યાખ્યાઓની સમજ:**

**અનુસૂચિત જનજાતિ:**

પર્વતીય જંગલ વિસ્તારો અને દુર્ગમ સ્થળોએ જૂથોમાં રહેનાર લોકોનો સમૂહ. આ સમૂહ દ્વારા પરંપરાગત સંસ્કૃતિનું સંપૂર્ણ રક્ષણ કરવામાં આવે છે. પોતાની પરંપરાए ખાનપાનની આદતોए રીવાજોए જીવનશૈલીए પહેરવેશ અને બોલીઓ હોય છે.

"આદિજાતિ એ કુટુંબોનો સંગ્રહ અથવા કુટુંબોનો સમૂહ છે. જેને એક સામાન્ય નામ હોય છે. જેના સભ્યો ચોક્કસ પ્રદેશમાં રહે છે. અને સામાન્ય ભાષા બોલે છે. લગ્નए વ્યવસાય અને વેપાર સબંધિત અમુક પ્રતિબંધોનું પાલન કરે છે. અને એક નિશ્ચિત અને ઉપયોગી પરસ્પર વ્યવસ્થા વિકસાવે છે." - ડી.એન.મજમુદાર

**એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ[1]:**

એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ એ ભારત સરકારના આદિજાતિ બાબતોના મંત્રાલય દ્વારા 1997-1998ના સમયગાળામાં લાગુ કરવામાં આવેલી યોજના છે. ગુજરાતમાં ગુજરાત રાજ્ય આદિજાતિ એજ્યુકેશન સોસાયટી(GSTES) અંતર્ગત સંચાલન કરવામાં આવે છે. જે અંતર્ગત ભારતનાં આદિવાસી વિસ્તારનાં આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને શારીરિક, શૈક્ષણિક, માનસિક અને સામાજિક રીતે સંબંધિત વિકાસને ધ્યાનમાં રાખીને ગુણવત્તાસભર શિક્ષણ આપવામાં આવે છે. જેમાં અધતન માળખાગત સુવિધાઓ, શિક્ષણ, રહેઠાણ, ભોજન, અને પ્રવૃતિમય શિક્ષણ આપવામાં આવે છે. ભારતીય બંધારણની કલમ 275(1) અંતર્ગત અનુદાન ફાળવવામાં આવે છે.

**આરોગ્યની સુવિધાઓ:**

અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની આરોગ્યગત બાબતોને ધ્યાનમાં રાખીને શાળાકક્ષાએથી લઈને ખાનગીકક્ષા સુધીની આરોગ્યની સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. નિયમિત આરોગ્યની ચકાસણી કરવી. આરોગ્ય કીટની વ્યવસ્થા કરવી. જેનો તમામ ખર્ચ શાળા દ્વારા કરવામાં આવે છે.

**રમતગમતની સુવિધાઓ:**

અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની શારીરિક અને માનસિક તંદુરસ્તી વિકસાવવા માટે આ શાળાઓમાં નિયમિત રમતગમત અને યોગના વર્ગો ચલાવવામાં આવે છે. વિદ્યાર્થીઓ સ્થાનિક/જીલ્લા/રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે સારો દેખાવ કરે તે માટેની સુવિધાઓ આપવામાં આવે છે. હાલમાં ખેલ મહાકુંભ જેવી સ્પર્ધાઓમાં પણ ભાગ લઇ રહ્યા છે.

**સંશોધનના હેતુઓ:**

1ए એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કુલના વિદ્યાર્થીઓની આરોગ્યની સ્થિતિ જાણવી.
2ए એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કુલમાં વિદ્યાર્થીઓને આરોગ્યના વિકાસ માટે પૂરી પાડવામાં આવતી સુવિધાઓનો અભ્યાસ કરવો.
3ए એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કુલની રમતગમતની સ્થિતિ જાણવી.
4ए એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કુલમાં વિદ્યાર્થીઓને રમતગમતના વિકાસ માટે પૂરી પાડવામાં આવતી સુવિધાઓનો અભ્યાસ કરવો.

**સંશોધન પદ્ધતિ:**

પ્રસ્તુત સંશોધન વર્ણનાત્મક પ્રકારનું છે જેમાં સર્વેક્ષણ પદ્ધતિથી હેતુઓને ધ્યાનમાં રાખીને મૂલ્યાંકન અભ્યાસ કરવામાં આવેલ છે.

[1]. https://eklavya-education.gujarat.gov.in,https:tribal.nic.in>EMRS

**સંશોધનનું વ્યાપવિશ્વ અને નમુના પસંદગી:**

પ્રસ્તુત સંશોધન ગુજરાત રાજ્યના અનુસૂચિત જનજાતિ વિસ્તારમાં 36 એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ શાળાઓ આવેલી છે. જે સંશોધનનું વ્યાપવિશ્વ છે. જેમાંથી ભૌગોલિક દ્રષ્ટિકોણ અને સ્તરીકૃત યદૃચ્છ પદ્ધતિ દ્વારા નમૂના તરીકે 25% ના લેખે 9 શાળાની પસંદગી કરી તેમાંથી ધોરણ-10 અને 12 માંથી 25% પ્રમાણે વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવેલ છે. પસંદ કરેલા વિદ્યાર્થીઓ પાસેથી હેતુગત માહિતી મુલાકાત અનુસૂચી દ્વારા અને નિરીક્ષણ પદ્ધતિ દ્વારા મેળવવામાં આવેલ છે.

**સંશોધનના હેતુઓ આધારિત સમજુતી, તારણો અને નિષ્કર્ષ:**

**1. એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કુલના વિદ્યાર્થીઓની આરોગ્યની સ્થિતિની વિગત.**

| ક્રમ | મુખ્ય વિગત | પેટા વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|---|---|
| 1 | શાળાકીય આરોગ્યની ચકાસણી કરવામાં આવે છે. | હા | 227 | 100ʊ00 |
| | | ના | 0 | 0ʊ00 |
| | | કુલ | 227 | 100ʊ00 |
| 2 | શાળાકીયઆરોગ્યનીચકાસણીવર્ષમાંકેટલીવારકરવામાંઆવેછે. | દર મહીને | 89 | 39ʊ21 |
| | | 2 વાર | 82 | 36ʊ12 |
| | | 3 વાર | 54 | 23ʊ79 |
| | | 4 વાર | 2 | 0ʊ88 |
| | | કુલ | 227 | 100ʊ00 |

ઉપરોક્તકોષ્ટકપરથીજોઈશકાયછેકેશાળાકીયઆરોગ્યનીચકાસણી 227/100% જોવા મળે છે. શાળામાં આરોગ્યની ચકાસણી વર્ષમાં દર મહીને 89/39.21%, 2 વખત 82/36.12%, 3 વખત 54/23.79% અને 4 વખત 2/૦.88% ઉત્તરદાતાનું પ્રમાણ જોવા મળે છે. આમ જોતા શાળાકીય આરોગ્ય ચકાસણી બાબતે વિવિધતા જોવા મળે છે. વિદ્યાર્થીઓની આરોગ્યની સ્થિતિને ધ્યાનમાં રાખતા દર મહીને કરવામાં આવતી ચકાસણી જે વિદ્યાર્થીઓના આરોગ્યની નોંધ માટે ખૂબજ વિધાયક ગણી શકાય તથા કોરોના મહામારીને ધ્યાનમાં રાખીને જોતા વિગતોમાં વિવિધતા આવી હોય તેવું કહી શકાય. આરોગ્ય ચકાસણી માટે છેલ્લા 2 વર્ષની સ્થિતિની નોંધ લેવામાં આવી હતી તે દરમ્યાન કોઇ વિદ્યાર્થીને મોટી ગંભીર બીમારી થઇ ન હતી.

**2. એકલવ્યમોડેલરેસિડેન્શિયલ સ્કુલમાં વિદ્યાર્થીઓને આરોગ્યના વિકાસ માટે પૂરી પાડવામાં આવતી સુવિધાઓ.**

| ક્રમ | મુખ્ય વિગત | પેટા વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|---|---|
| 1 | **બીમારી વખતે ક્યાં લઇ જવામાં આવે છે.** | સરકારી દવાખાને | 207 | 91ʊ19 |
| | | ખાનગી દવાખાને | 60 | 26ʊ43 |
| | | શાળામાં સારવાર | 58 | 25ʊ55 |
| | | *એક કરતાં વધુ જવાબ મળેલ છે. | | |
| 2 | દવાખાનાનોખર્ચકોણપૂરોપાડેછે. | શાળાનો ખર્ચ | 201 | 88ʊ55 |
| | | પોતાના ખર્ચ | 26 | 11ʊ45 |
| | | કુલ | 227 | 100ʊ00 |
| 3 | આરોગ્યકીટછાત્રાલયઅનેશાળામાંરાખવામાંઆવેછે. | હા | 219 | 96ʊ48 |
| | | ના | 8 | 3ʊ52 |
| | | કુલ | 227 | 100ʊ00 |
| 4 | આરોગ્યકીટકોનીપાસેરાખવામાંઆવેછે. | વિદ્યાર્થીઓ પાસે | 23 | 10ʊ13 |
| | | શિક્ષકો પાસે | 66 | 29ʊ07 |
| | | ગૃહપતિ/ગૃહમાતા | 192 | 84ʊ58 |
| | | આચાર્ય પાસે | 14 | 6ʊ17 |
| | | *એક કરતાં વધુ જવાબ મળેલ છે. | | |
| 5 | આરોગ્યમંત્રીબનાવવામાંઆવેછે. | હા | 168 | 74ʊ01 |

| | | | | |
|---|---|---|---|---|
| | | ના | 59 | 25ʊ99 |
| | | કુલ | 227 | 100ʊ00 |
| 6 | આરોગ્યકીટમાંપૂરતા પ્રમાણમાં સામગ્રી રાખવામાં આવે છે. | હા | 157 | 69.16 |
| | | ના | 70 | 30.84 |
| | | કુલ | 227 | 100ʊ00 |

ગુજરાતની અનુસૂચિત જનજાતિ વિસ્તારમાં આવેલ એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ શાળાઓમાં વિદ્યાર્થીઓની આરોગ્યગત બાબતો માટે સરકારી દવાખાને 207/91.19%, ખાનગી દવાખાને 60/26.43% અને શાળામાં સારવાર 58/25.55% લેવામાં આવે છે. મહત્તમ લાભ સરકારી દવાખાનાનો ઉપયોગ કરવામાં આવે છે. ગંભીર કેસોમાં ખાનગી દવાખાનાનો પણ ઉપયોગ કરવામાં આવે છે. તથા પ્રાથમિક સારવાર શાળામાં આપવામાં આવે છે. વિદ્યાર્થીઓનો આરોગ્યનો ખર્ચ 88.55 % શાળામાંથી અને 11.45% વિદ્યાર્થીઓ દ્વારા પોતાના ખર્ચે સારવાર લેવામાં આવે છે. વિદ્યાર્થી શાળામાં હોય ત્યાં સુધીનો તમામ ખર્ચ શાળા દ્વારા પૂરો પાડવામાં આવતો હોવાનું જાણવા મળેલ છે. શાળામાં રાખવામાં આવતી આરોગ્ય કીટ 96.48% પ્રમાણ જોવા મળે છે. જયારે 3.52% શાળાઓમાં આરોગ્ય કીટની સુવિધાઓ બાબતે નિરાશાજનક બાબતો જોવા મળે છે. શાળામાં રાખવામાં આવતી આરોગ્ય કીટ મોટા પ્રમાણમાં ગૃહપતિ/ગૃહમાતા પાસે 84.58%, શિક્ષકો પાસે 29.07%, વિદ્યાર્થીઓ પાસે 10.13% જયારે આચાર્ય પાસે 6.17% જોવા મળે છે. શાળાઓમાં ઉત્તરદાતાના મતે 74.01% આરોગ્યમંત્રી બનાવવામાં આવે છે. જયારે 25.99% ઉત્તરદાતાઓના મતે આરોગ્યમંત્રી બનાવવામાં આવતા નથી. 69.16% ઉત્તરદાતાઓના માટે આરોગ્ય કીટમાં પૂરતા પ્રમાણમાં સામગ્રી રાખવામાં આવે છે. જયારે 30.84% ઉત્તરદાતાઓના મતે પૂરતા પ્રમાણમાં સામગ્રી રાખવામાં આવતી નથી. આરોગ્યકીટની વ્યવસ્થા કરવામાં આવી છે પરંતુ તેમાં સાધન સામગ્રીની ઉણપો જોવા મળતી હતી. વિદ્યાર્થીઓને પણ આ બાબતે જાણકારીનો અભાવ જોવા મળ્યો હતો. સીકખંડની વ્યવસ્થા કરવામાં આવી છે પરંતુ તેમાં પૂરતી સગવડો અને સાધનસામગ્રીનો અભાવ જોવા મળ્યો હતો. આરોગ્ય મંત્રી માત્ર નામ માત્રના બનાવવામાં આવતા હોય તેવું અનુભવાયું. કેમ્પસમાં મચ્છરો અને જીવાતોનો ઉપદ્રવ જોવા મળતો હતો જેનાથી સ્વાસ્થ્યગત બાબતોને લઈને ચિંતા વ્યક્ત કરી શકાય.

**શાળાકીય/છાત્રાલય કક્ષાએ સ્વચ્છતાની પ્રવૃત્તિઓ:**

| ક્રમ | મુખ્ય વિગત | પેટા વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|---|---|
| 1 | શાળામાં સ્વચ્છતા કાર્યક્રમો યોજવામાં આવે છે. | હા | 219 | 96ʊ48 |
| | | ના | 8 | 3ʊ52 |
| | | કુલ | 227 | 100ʊ00 |
| 2 | શાળામાં વર્ગખંડોની સ્વચ્છતા કોણ રાખે છે. | સફાઈ કામદાર | 189 | 83ʊ26 |
| | | વિદ્યાર્થીઓ | 92 | 40ʊ53 |
| | | *એક કરતાં વધુ જવાબ મળેલ છે. | | |
| | છાત્રાલયની સફાઈ કોણ કરે છે. | સફાઈ કામદાર | 188 | 82ʊ82 |
| | | વિદ્યાર્થીઓ | 95 | 41ʊ85 |
| | | *એક કરતાં વધુ જવાબ મળેલ છે. | | |
| 3 | સ્વચ્છતામાં કઈ કઈ પ્રવૃતિઓ કરાવવામાં આવે છે. | કેમ્પસ સફાઈ | 227 | 100ʊ00 |
| | | વર્ગખંડ સફાઈ | 187 | 82ʊ38 |
| | | પ્લાસ્ટિક ફ્રી ડ્રાઈવ | 165 | 72ʊ68 |
| | | કાર્યક્રમોનું આયોજન | 221 | 97ʊ36 |
| | | સ્પર્ધાનું આયોજન | 227 | 100ʊ00 |
| | | *એક કરતાં વધુ જવાબ મળેલ છે. | | |

ઉપરોક્ત કોષ્ટક પ્રમાણે જોતા આરોગ્ય અને સ્વચ્છતા એક બીજા સાથે સંકળાયેલ છે. જેમાં શાળામાં સ્વચ્છતા કાર્યક્રમો 96.48% પ્રમાણમાં કરવામાં આવે છે. જયારે 3.52% કરવામાં આવતા નથી. શાળામાં વર્ગખંડોની સ્વચ્છતા 83.26% સફાઈ કામદાર રાખે છે. જયારે 40.53% વિદ્યાર્થીઓ દ્વારા રાખવામાં આવે છે. છાત્રાલયની સફાઈ 82.82% સફાઈ કામદાર દ્વારા રાખવામાં આવે છે. અને 41.85% વિદ્યાર્થીઓ દ્વારા રાખવામાં આવે છે. સ્વચ્છતા અંતર્ગત કરવામાં આવતી પ્રવૃતિઓમાં 100% કેમ્પસ સફાઈए 82.38% વર્ગખંડ સફાઈए 72.68% પ્લાસ્ટિક ફ્રી ડ્રાઈવए

97.36% કાર્યક્રમોનું આયોજન અને 100% સ્પર્ધાઓ આયોજિત કરવામાં આવે છે. સંશોધકના નિરીક્ષણ પ્રમાણે જોતા સફાઈની કામગીરી મધ્યમ પ્રકારની જોવા મળી. શાળા અને છાત્રાલયમાં બાથરૂમો સ્વચ્છતા યોગ્ય પ્રમાણમાં જોવા મળી નહોતી. સાધન સામગ્રીઓ તૂટેલી હાલતમાં હતી. કેટલાક બાથરૂમમાં પાણીનું લીકેજ જોવા મળતું હતું. તો સ્વચ્છતા બાબતે નિરાશાજનક વલણો જોવા મળ્યા હતા. વિદ્યાર્થીઓના કપડાં સુકવવાની યોગ્ય વ્યવસ્થાનો અભાવ જોવા મળ્યો હતો. વિદ્યાર્થીઓના બેડરૂમમાં હવાઉજાસ બાબતે નોંધ લેવી જરૂરી લાગ્યું. છાત્રાલયમાં કચરાપેટીની વ્યવસ્થાપન બાબતે યોગ્યતાનો અભાવ જોવા મળ્યો હતો.રસોડાની વ્યવસ્થાકીય બાબતોમાં પણ મધ્યમ કક્ષાની વ્યવસ્થા જોવા મળી હતી. આમ જોતા ઘણી બધી બાબતોમાં સુધારો કરવાની જરૂરત જોવા મળી.

**3. એકલવ્યમોડેલરેસિડેન્શિયલસ્કુલનીરમતગમતનીસ્થિતિની વિગત.**


| ક્રમ | મુખ્ય વિગત | પેટા વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|---|---|
| 1 | રમતગમતના મેદાનની સુવિધા. | હા | 227 | 100.00 |
| 2 | રમતો માટેના સાધનો પુરા પાડવામાં આવે છે. | હા | 217 | 95.59 |
| | | ના | 10 | 4.41 |
| | | કુલ | 227 | 100.00 |
| 3 | રમતગમતની સ્પર્ધાઓ યોજવામાં આવે છે. | હા | 216 | 95.15 |
| | | ના | 11 | 4.85 |
| | | કુલ | 227 | 100.00 |
| 4 | કરાટે/ઝૂડો જેવી સુરક્ષાની રમતો શીખવવામાં આવે છે. | હા | 111 | 48.90 |
| | | ના | 116 | 51.10 |
| | | કુલ | 227 | 100.00 |

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે તમામ શાળામાં રમતગમતના મેદાનની સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે જેની ટકાવારી 100% જોવા મળે છે. જયારે રમતો માટે પુરા પાડવામાં આવતી સાધન સામગ્રીમાં 95.59% પૂરી પાડવામાં આવે છે. જયારે 4.41% પૂરી પાડવામાં આવતી નથી જે જોતા ક્યાંક સુવિધાઓ પૂરી પાડવા સંદર્ભે ઉણપો પ્રવર્તતી જોવા મળે છે. જે નિવારવી ખૂબ જરૂરી લાગે છે. 95.15% ઉત્તરદાતાઓના મતે રમતની સ્પર્ધાઓ યોજવામાં આવે છે. જયારે 4.85% ઉત્તરદાતાના માટે સ્પર્ધાઓ યોજવામાં આવતી નથી. આ બાબતની નોંધ લેવી ખૂબ જરૂરી જોવા મળે છે. વર્તમાન સુરક્ષાની બાબતોને લઈને 48.90% ઉત્તરદાતાના મતે કરાટે/ઝૂડો જેવી સુરક્ષાની રમતો શીખવવામાં આવે છે. જયારે 51.10% ઉત્તરદાતાના માટે શીખવવામાં આવતી નથી. આ આંકડા જોતા વધારે પ્રમાણને ઓછું કરવામાં ધ્યાન આપવામાં આવે તો વિદ્યાર્થીઓ વર્તમાન પરિસ્થિતિમાં રમતક્ષેત્રે પોતાનું પ્રતિનિધિત્વ કરવામાં હકારાત્મક વલણો તફર આગળ વધી શકે. ઘણી બાબતોમાં વિદ્યાર્થીપક્ષે અને મેનેજમેન્ટપક્ષે આ બાબતોમાં નોંધ લેવાવી ખૂબજ જરૂરી છે. સંશોધકના નિરીક્ષણ પ્રમાણે રમતગમતના મેદાનોની જાળવણીમાં અભાવ જોવા મળ્યો. રમત માટે પુરા પાડવામાં આવતી સામગ્રીની ઉણપો પ્રવર્તતી જોવા મળી. રમતના પહેવેશ માત્ર રમત સ્પર્ધા વખતે આપવામાં આવતા હોવાનું જાણવા મળેલ છે. આપવામાં આવે છે તો માત્ર વર્ષમાં એકવાર આપવામાં આવે છે. સુરક્ષાની રમતો બાબતે શાળાઓમાં પૂરતા પ્રમાણમાં ધ્યાન આપવાની જરૂર જોવા મળે છે.


**4. એકલવ્યમોડેલરેસિડેન્શિયલસ્કુલમાંવિદ્યાર્થીઓનેરમતગમતનાવિકાસમાટેપૂરીપાડવામાંઆવતીસુવિધાઓ /સહભાગીતા.**

| ક્રમ | મુખ્ય વિગત | પેટા વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|---|---|
| 1 | મેદાનની રમત રમો છો. | હા | 218 | 96ʊ04 |
| | | ના | 9 | 3ʊ96 |
| | | કુલ | 227 | 100ʊ00 |
| 2 | ઇન્ડોરની રમતો રમો છો. | હા | 167 | 73ʊ57 |
| | | ના | 60 | 26ʊ43 |
| | | કુલ | 227 | 100ʊ00 |
| 3 | ગમતી રમત માટે તમને સ્પેશલ કોચિંગ. | હા | 163 | 71ʊ81 |
| | | ના | 64 | 28ʊ19 |
| | | કુલ | 227 | 100ʊ00 |
| 4 | હાए તો કઈ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે. | વિશેષ કોચ | 141 | 62ʊ11 |
| | | પૂરતા સાધનો | 129 | 56ʊ83 |
| | | *એક કરતાં વધુ જવાબ મળેલ છે. | | |
| 5 | શારીરિક કસરતો માટે કેટલો સમય આપવામાં આવે છે. | 1 | 165 | 72ʊ69 |
| | | 2 | 62 | 27ʊ31 |
| | | કુલ | 227 | 100ʊ00 |

ઉપરોક્ત કોષ્ટક પ્રમાણે જોતા 96.04% વિદ્યાર્થીઓ મેદાનની રમતો રમે છે. જયારે 3.96% વિદ્યાર્થીઓ રમતા નાથી. 73.57% વિદ્યાર્થીઓ ઇન્ડોરની રમતો રમે છે. જયારે 26.43% રમતા નથી. 71.81% વિદ્યાર્થીઓને પોતાની ગમતી રમતો માટે સ્પેશ્યલ કોચિંગ પૂરું પાડવામાં આવે છે. જયારે 28.19%ના મતે પૂરું પાડવામાં આવતું નથી. જેમને સ્પેશ્યલ કોચિંગ પૂરું પાડવામાં આવે છે જેમાં 62.11% વિશેષ કોચની સુવિધા અને 56.83% ને પૂરતા સાધનો પુરા પાડવામાં આવે છે. શારીરિક કસરતો માટે અને રમતો માટે 72.69% ના મતે 1 કલાકનો સમય દરરોજ આપવામાં આવે છે. જયારે 27.31%ના મતે 2 કલાકનો સમય આપવામાં આવે છે જેમાં મોટા ભાગે સ્પર્ધાની તૈયારીઓ કરાવવામાં આવે છે. વિદ્યાર્થીઓને પૂરી પાડવામાં આવતી સુવિધાઓ અને વ્યવસ્થાકીય બાબતો દ્વારા વિદ્યાર્થીઓમાં વધારે પ્રમાણમાં હકારાત્મક વલણો બને તે માટેના પ્રયત્નો કરવા જોઇએ. ઘણી શાળાઓમાં નિરાશાજનક વલણો જોવા મળ્યા છે જે બાબતોમાં સુધારો આવે તે જરૂરી છે. જયારે ઘણી શાળાઓમાં આ બાબતે ખૂબજ સચોટ માર્ગદર્શન અને હકારાત્મક વાતાવરણ વિકસાવવામાં આવેલ જોવા મળેલ છે.



ઉપરોક્ત કોષ્ટક અને ચાર્ટ પરથી જોઇ શકાય છે કે વિદ્યાર્થીઓ માટે રમતગમતમાં સહભાગીતાના પ્રેરણાસ્ત્રોત તરીકે શિક્ષકો 203/89.43%, મિત્રો 140/61.67%, ગૃહમાતા/ગૃહપતિ 89/39.21%, પરિવાર19/8.37% અને રમતવીરો 29/12.78% જોવા મળે છે. વિદ્યાર્થીઓ શિક્ષકો પાસેથી વધારે પ્રેરણા લેતા જોવા મળે છે. દરેક શાળામાં રમત માટેના મેદાન અને કોચની સુવિધા આપવામાં આવેલ છે. જેઓ વિદ્યાર્થીઓમાં પોતાની મનગમતી રમતોમાં સહભાગીતા તથા કૌશલ્યો વધે તે માટેના પ્રયત્નો કરવામાં આવતા હોય છે. બીજા નંબરે મિત્રોની આવૃત્તિ વધારે જોવા મળે છે જે દર્શાવે છે કે મિત્રો દ્વારા રમત પ્રત્યેની રુચિ વધારવાનો મહત્વનો ભાગ ભજવે છે. છાત્રાલયમાં ગૃહમાતા/ગૃહપતિ દ્વારા પણ રમતો પ્રત્યેની સજાગતા રાખવામાં આવે છે જે ઉપરની વિગતો ઉપરથી જોઇ શકીએ છીએ.ઉપરાંત પરિવારના સભ્યો તથા રમતવીરો પણ વિદ્યાર્થીઓના પ્રેરણાના સ્ત્રોત જોઇ શકાય છે.




ઉપરોક્ત કોષ્ટક અને ચાર્ટમાં વિદ્યાર્થીઓની રમતોમાં શાળાકક્ષાએથી લઇને નેશનલકક્ષા(શાળાકીય રમતો)માં વિજેતા થયેલ વિગતો જોવા મળે છે. શાળા કક્ષાએ 211/92.95%, ઝોનલ કક્ષાએ 112/49.33%, તાલુકા કક્ષાએ 106/46.7%, જીલ્લા કક્ષાએ 98/43.17%, રાજ્ય કક્ષાએ 29/12.78% અને નેશનલ કક્ષાએ 6/2.64% આવૃત્તિ અને ટકાવારી જોવા મળે છે. કુલ નમુનાની પસંદગી 25% પ્રમાણે 227 ઉત્તરદાતા હતા તેમાંથી 211/92.95% ઉત્તરદાતાએ શાળા કક્ષાએ વિજેતા થયેલ છે. જે દર્શાવે છે કે માત્ર કુલ નમુનાના 16 ઉત્તરદાતા વિજેતા થયેલ નથી. આમ વિદ્યાર્થીઓમાં રમત પ્રત્યેની સજાગતા જોવા મળે છે. ઝોનલ કક્ષાનું પ્રતિનિધિત્વ 49.33% જોવા મળે છે જે અન્ય શાળાઓની સરખામણીમાં વિધાયક જોવા મળે છે જેના ઉપરથી વિદ્યાર્થીઓના રમત પ્રત્યે આપવામાં આવતી પ્રાધાન્યતા જોઇ શકાય. તાલુકા, જીલ્લા અને રાજ્ય કક્ષાએ પણ નમૂનામાં સમાવેશ કરેલ વિદ્યાર્થીઓનું પ્રતિનિધિત્વ જોવા મળે છે. ઉપરાંત દેશની અનુસૂચિત આદિજાતિ વિસ્તારની એકલવ્ય શાળા દ્વારા યોજવામાં આવતી નેશનલ રમતોત્સવમાં પણ 6/2.64% પ્રતિનિધિત્વ જોઇ શકાય છે. આમ જોતા વિદ્યાર્થીઓ દ્વારા પોતાની રમતોનું કૌશલ્ય વિકસિત કરવામાં શાળાઓમાં પ્રોત્સાહક વાતાવરણ જોઇ શકાય છે. નેશનલ રમતોત્સવમાં વિદ્યાર્થીઓનું પ્રતિનિધિત્વ વધે તે માટેની વિધાયકતા વધે તે માટેના પ્રયત્નો કરવા જોઈએ.

**સંશોધનના તારણો:**

- શાળાકીયઆરોગ્યનીચકાસણી 227/100% જોવા મળે છે.
- શાળામાં આરોગ્યની ચકાસણી વર્ષમાં દર મહીને 89/39.21%, 2 વખત 82/36.12%, 3 વખત 54/23.79% અને 4 વખત 2/0.88% ઉત્તરદાતાનું પ્રમાણ જોવા મળે છે.
- શાળાઓમાં વિદ્યાર્થીઓની આરોગ્યગત બાબતો માટે સરકારી દવાખાને 207/91.19%, ખાનગી દવાખાને 60/26.43% અને શાળામાં સારવાર 58/25.55% લેવામાં આવે છે.
- વિદ્યાર્થીઓનો આરોગ્યનો ખર્ચ 88.55 % શાળામાંથી અને 11.45% વિદ્યાર્થીઓ દ્વારા પોતાના ખર્ચે સારવાર લેવામાં આવે છે.
- શાળામાં રાખવામાં આવતી આરોગ્ય કીટ 96.48% પ્રમાણ જોવા મળે છે. 3.52% શાળાઓમાં આરોગ્ય કીટની સુવિધાઓ બાબતે નિરાશાજનક બાબતો જોવા મળે છે.

- શાળામાં રાખવામાં આવતી આરોગ્ય કીટ મોટા પ્રમાણમાં ગૃહપતિ/ગૃહમાતા પાસે 84.58%, શિક્ષકો પાસે 29.07%, વિદ્યાર્થીઓ પાસે 10.13% જયારે આચાર્ય પાસે 6.17% જોવા મળે છે. શાળાઓમાં ઉત્તરદાતાના મતે 74.01% આરોગ્યમંત્રી બનાવવામાં આવે છે. જયારે 25.99% ઉત્તરદાતાઓના મતે આરોગ્યમંત્રી બનાવવામાં આવતા નથી.
- 69.16% ઉત્તરદાતાઓના માટે આરોગ્ય કીટમાં પૂરતા પ્રમાણમાં સામગ્રી રાખવામાં આવે છે. જયારે 30.84% ઉત્તરદાતાઓના મતે પૂરતા પ્રમાણમાં સામગ્રી રાખવામાં આવતી નથી.
- શાળામાં સ્વચ્છતા કાર્યક્રમો 96.48% પ્રમાણમાં કરવામાં આવે છે. જયારે 3.52% કરવામાં આવતા નથી.
- શાળામાં વર્ગખંડોની સ્વચ્છતા 83.26% સફાઈ કામદાર રાખે છે. જયારે 40.53% વિદ્યાર્થીઓ દ્વારા રાખવામાં આવે છે.
- છાત્રાલયની સફાઈ 82.82% સફાઈ કામદાર દ્વારા રાખવામાં આવે છે. અને 41.85% વિદ્યાર્થીઓ દ્વારા રાખવામાં આવે છે.
- સ્વચ્છતા અંતર્ગત કરવામાં આવતી પ્રવૃતિઓમાં 100% કેમ્પસ સફાઈए 82.38% વર્ગખંડ સફાઈए 72.68% પ્લાસ્ટિક ફ્રી ડ્રાઈવए 97.36% કાર્યક્રમોનું આયોજન અને 100% સ્પર્ધાઓ આયોજિત કરવામાં આવે છે.
- શાળામાં રમતગમતના મેદાનની સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે જેની ટકાવારી 100% જોવા મળે છે.
- રમતો માટે સાધન સામગ્રીમાં 95.59% પૂરી પાડવામાં આવે છે. જયારે 4.41% પૂરી પાડવામાં આવતી નથી.
- 95.15% ઉત્તરદાતાઓના મતે રમતની સ્પર્ધાઓ યોજવામાં આવે છે. જયારે 4.85% ઉત્તરદાતાના માટે સ્પર્ધાઓ યોજવામાં આવતી નથી.
- સુરક્ષાની બાબતોને લઈને 48.90% ઉત્તરદાતાના મતે કરાટે/ઝૂડો જેવી સુરક્ષાની રમતો શીખવવામાં આવે છે. જયારે 51.10% ઉત્તરદાતાના માટે શીખવવામાં આવતી નથી.
- 96.04% વિદ્યાર્થીઓ મેદાનની રમતો રમે છે. જયારે 3.96% વિદ્યાર્થીઓ રમતા નથી.
- 73.57% વિદ્યાર્થીઓ ઇન્ડોરની રમતો રમે છે. જયારે 26.43% રમતા નથી.
- 71.81% વિદ્યાર્થીઓને પોતાની ગમતી રમતો માટે સ્પેશ્યલ કોચિંગ પૂરું પાડવામાં આવે છે. જયારે 28.19%ના મતે પૂરું પાડવામાં આવતું નથી.
- 62.11% વિશેષ કોચની સુવિધા અને 56.83% ને પૂરતા સાધનો પુરા પાડવામાં આવે છે.
- શારીરિક કસરતો માટે અને રમતો માટે 72.69% ના મતે 1 કલાકનો સમય દરરોજ આપવામાં આવે છે. જયારે 27.31%ના મતે 2 કલાકનો સમય આપવામાં આવે છે.
- વિદ્યાર્થીઓ માટે રમતગમતમાં સહભાગીતાના પ્રેરણાસ્ત્રોત તરીકે શિક્ષકો 203६89ण43:ए મિત્રો 140६61ण67:ए ગૃહમાતા/ગૃહપતિ 89६39ण21:ए પરિવાર 19६8ण37: અને રમતવીરો 29६12ण78: જોવા મળે છે.
- વિવિધ રમતોમાં વિજેતા થયેલા વિદ્યાર્થીઓ શાળા કક્ષાએ 211६92ण95:ए ઝોનલ કક્ષાએ 112६49ण33:ए તાલુકા કક્ષાએ 106६46ण7:ए જીલ્લા કક્ષાએ 98६43ण17:ए રાજ્ય કક્ષાએ 29६12ण78: અને નેશનલ કક્ષાએ 6६2ण64: આવૃત્તિ અને ટકાવારી જોવા મળે છે.
- કુલ નમુનાની પસંદગી 25% પ્રમાણે 227 ઉત્તરદાતા હતા તેમાંથી 211६92ण95: ઉત્તરદાતાએ શાળા કક્ષાએ વિજેતા થયેલ છે. જે દર્શાવે છે કે માત્ર કુલ નમુનાના 16 ઉત્તરદાતા વિજેતા થયેલ નથી.

સંશોધનના નિષ્કર્ષ:

- દરેક શાળાઓમાં વિદ્યાર્થીઓના શાળાકીય આરોગ્યની ચકાસણી સંપૂર્ણ રીતે કરવામાં આવે છે.
- આરોગ્યની સેવાઓ મોટા પ્રમાણમાં સરકારી દવાખાનાનો ઉપયોગ કરવામાં આવે શાળાકીય લેવલે આરોગ્યની સેવાઓ વધુ ઉપયોગી પુરવાર થાય તે માટેના પ્રયત્નો કરવા જોઈએ.
- શાળા/છાત્રાલયમાં રાખવામાં આવતી આરોગ્ય કીટ તથા વ્યવસ્થા બાબતે વિદ્યાર્થીઓને અવગત કરવા જરૂરી છે.
- આરોગ્ય કીટમાં મેડીસીન પૂરતા પ્રમાણમાં હોય. અને સિકખંડની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવવી જોઈએ.
- આરોગ્યની બાબતો સંદર્ભે આરોગ્યમંત્રી યોગ્ય પ્રમાણમાં અવગત હોવો જોઈએ.
- શાળાના કેમ્પસ અને છાત્રાલયની સ્વચ્છતાની જવાબદારી સફાઈ કામદારની હોવાથી આ બાબતે મેનેજમેન્ટ દ્વારા જરૂરી કાળજી રાખવી જોઈએ.
- વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા બાબતે સ્વ જાગૃતિ કેળવાય તે માટેના પ્રયત્નો મેનેજમેન્ટ દ્વારા કરવા જોઈએ.

- શાળામાં તમામ કર્મચારીઓ દ્વારા આરોગ્યની સુવિધાઓ સંદર્ભે વિધાયક વલણો અપનાવવામાં આવતું જોવા મળે છે.
- શાળા/છાત્રાલય કેમ્પસમાં રમતના મેદાનની સુવિધાઓ બાબતે વ્યવસ્થામાં સુધારો કરવાની જરૂર જણાય છે.
- રમતો માટેની સાધન સામગ્રીમાં પૂરતા પ્રમાણમાં આપવી જોઈએ જેથી વિદ્યાર્થીઓ પોતાના કૌશલ્યોનો વિકાસ યોગ્ય રીતે કરી શકે. તથા સાધનોના ઉપયોગ સંદર્ભે માર્ગદર્શનની જરૂરિયાતો જોવા મળે છે.
- કેમ્પસમાં જીમ્નેશિયમની વ્યવસ્થા કરવામાં આવી છે પરંતુ તેનો યોગ્ય ઉપયોગ થાય તે જરૂરી છે.
- દરેક શાળામાં રમત માટેના મેદાન અને કોચની સુવિધા આપવામાં આવેલ છે. પરંતુ યોગ્ય માર્ગદર્શનનો અભાવ ઘણી શાળાઓમાં જોવા મળ્યો હતો.
- શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓમાં પોતાની મનગમતી રમતોમાં સહભાગીતા તથા કૌશલ્યો વધે તે માટેના પ્રયત્નો કરવામાં આવતા હોય છે.
- રમતોમાં ભાગ લેતા વિદ્યાર્થીઓ માંથી મોટા ભાગના વિદ્યાર્થીઓ વિવિધ રમતોમાં વિજેતા થાય છે. જે વિદ્યાર્થીઓ અને મેનેજમેન્ટની હકારાત્મક બાબતો ઘણી શકાય.
- વિદ્યાર્થીઓમાં સુરક્ષાની રમતો પ્રત્યે વિધાયક વાતાવરણ બને તે માટેના પ્રયત્નો કરવા જોઈએ.
- વિદ્યાર્થીઓમાં ઇન્ડોર અને આઉટડોરની રમતો પ્રત્યે સજાગતા કેળવાય અને વધારે પ્રતિનિધિત્વ કરતાં થાય તે જરૂરી જોવા મળે છે.

**સંદર્ભસુચિ:**


- પટેલ નિરંજના. (2010). *એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ એક અભ્યાસ.* અમદાવાદ: આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રए ગૂજરાત વિદ્યાપીઠ.
- પાંડર સુભાષ. (2018). *આદિવાસી સંસ્કૃતિ.* અમદાવાદ: દામિની પબ્લિકેશન.
- પટેલ જે.સી. અને સુભાષ પાંડર.(2017-18). *આદિવાસી સમાજ.* અમદાવાદ: અક્ષર બુક એજન્સી.
- પટેલएજે. સી.ए અને સુભાષપાંડરए ;2017-18)ए*આદિવાસી સમાજ*એઅમદાવાદरू અક્ષર બુક એજન્સી.
- પટેલ પ્રવીણए (2011). *આદિવાસીઓ: એક દ્રષ્ટિક્ષેપ-2011.* આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.


**વેબસાઈટની સુચિ:**


1. https://tribal.nic.in/EMRS.aspx
2. https://en.wikipedia.org/wiki/Eklavya_Model_Residential_School
3. https://eklavya-education.gujarat.gov.in/emrs-eklavya-model-residential-school
4. https://eklavya-education.gujarat.gov.in/introduction
5. https://eklavya-education.gujarat.gov.in/girls-literacy-residential-school-glrs
6. https://eklavya-education.gujarat.gov.in,https:tribal.nic.in>EMRS